# રાજ્યના મહત્ત્વના બોર્ડ-નિગમોમાં નિમણૂંકના ભણકારા..!!

## ટિકિટ કપાઇ હોય કે હવે મળવાની શક્યતા નથી તેવા નેતાઓ બોર્ડ-નિગમોમાં પદ લેવાં કવાયત કરી રહ્યાં છે : કમલમ્ ખાતે લિસ્ટ તૈયાર થઈ ગયું હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૨૨

ભાજપ અત્યારથી જ આગામી વિધાનસભાની ચૂંટણીના એક્શન મોડમાં જોવા મળી રહ્યું હોય તેવું અનુભવાઈ રહ્યું છે. આજે આથી ગાંધીનગરમાં કૉંગ્રેસના પૂર્વ પ્રવક્તા જયરાજસિંહ પરમાર સહિત મોટી સંખ્યામાં હોદ્દેદારો અને કાર્યકરોએ ભાજપ પ્રવેશ કર્યો હતો જ્યારે બીજી તરફ તાજેતરમાં જ ખાલી કરાવાયેલા બોર્ડ નિગમોના ચેરમેન પદ સહિતના હોદ્દાઓ ઉપર ભાજપના નેતાઓની નિયુક્તિ કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. આ માટે કમલમ્ ખાતે યાદી પણ તૈયાર થઈ ગઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે જ્યારે ભાજપમાં બીજી-ત્રીજી હરોળનાં કેટલાંક સ્થાનિક નેતાઓએ આ યાદીમાં સમાવેશ પામવાં કવાયત પણ શરૂ કરી દીધી છે.

જે રીતે ભાજપમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના નેતાઓ જોડાઈ રહ્યાં છે તે જોતાં હવે ભાજપમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં દરેક બેઠક પર ''ખોલી નાની ને ભગતડાં ઝાઝા'' જેવો ઘાટ સર્જાવાનો નક્કી જણાય છે. ગાંધીનગરમાં જ વિધાનસભાની બંને બેઠકો માટે દાવેદારોની સંખ્યા વધતી જઈ રહી છે તે સ્થિતિમાં જે નેતાઓને સમજાઈ ચુક્યું છે કે તેઓ આ રેસમાં ટકી શકે તેમ નથી તેમણે બોર્ડ-નિગમોના ખાલી પડેલાં ચેરમેન-ડીરેક્ટર જેવા પદો તરફ નજર દોડાવી રહ્યાં છે. વળ, ભાજપે અપનાવેલી નો રિપીટ થિયરીના પગલે મોટાભાગના ધારાસભ્યો તેમને ફરી ટિકિટ મળશે કે કેમ તે બાબતે અનિશ્ચિત છે જેથી તેમની નજર પણ આ પદો તરફ મંડાઈ છે. મોટેભાગે બોર્ડ નિગમના હોદ્દા એવા નેતાઓને આપવામાં આવે છે કે જેમની વિધાનસભાની ટીકીટ કાપવાથી તેમના નારાજગીના કારણે મોટા મતદાર જુથને ગુમાવવું પડે તેમ હોય અથવા તો કોઈ વગદાર નેતા અન્ય પક્ષ છોડીને આવ્યા હોય તો તેમનો માન-મરતબો સાચવી લેવા પદ આપવું જરૂરી હોય. ભાજપમાં કેટલાક ધારાસભ્યો એવા પણ છે કે જેઓ બે ટર્મથી જીતતા આવ્યા હોય પરંતુ હવે નો રિપીટ થિયરી અનુસાર તેમને ટિકિટ આપવાની નથી પરંતુ તેમને ''સાચવી'' લેવા જરૂરી હોય. આ સાથે કેટલાંક એવા હોદ્દેદારો પણ છે જેમની લાયકાત છતાં મનપા, જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતમાં પણ તેમની ટિકિટ કાપવી પડી હોય. પ્રાપ્ત માહિતી અનુસાર આ બંને પ્રકારના નેતાઓનું લિસ્ટ કમલમ્ ખાતે તૈયાર થઈ ગયું છે જેમને આગામી સમયમાં બોર્ડ-નિગમમાં ચેરમેન, ડિરેક્ટર કે સભ્ય સચિવ જેવાં હોદ્દા ફાળવવામાં આવશે. આ આ શક્યતાને પગલે અનેક નેતાઓએ પોતાની દાવેદારી મજબૂત કરવા માટે તૈયારીઓ આરંભી દીધી છે અને વિવિધ પક્ષલક્ષી પ્રવૃતિઓ સાથે પ્રદેશ પ્રમુખની નજરમાં રહેવા તેઓ ભરપૂર પ્રયાસ કર્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગરીબ કલ્યાણ મેળાના આયોજનને લઈ મેળાના સ્થળની આજે અધિકારીઓએ મુલાકાત લીધી હતી.
- ગાંધીનરના પોર ગામથી કાલુપુર સ્વામિનારાયણ મંદિર જઈ રહેલ પગપાળા યાત્રાળુને કારે ટક્કર મારતાં એક પદયાત્રીનું દઃખદ અવસાન થયુ છે.
- ઝી ન્યૂઝના અને ગાંધીનગરના સિનીયર પત્રકાર હિતલ પારેખના માતુશ્રીનું આજે દુઃખદ અવસાન થયુ છે. સ્વ.ની અંતિમયાત્રા ગુરૂવારે સવારે ૭ વાગે હિતલભાઈના નિવાસસ્થાનેથી નીકળશે.
- ગાંધીનગર તાલુકાના મગોડી ગામે તાલુકાકક્ષાનો કલા મહાકુંભ યોજાયો.
- જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ટી.બી. રક્તપિત્ત અને એચ.આઈ.વી. વિશેની માહિતી આપવામાં આવી.
- મામલતદાર એસો. દ્વારા સાંસદના વર્તનને લઈ સરકારને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.
- પ્રદેશ ભાજપની આજે કમલમ્ કોબા ખાતે પ્રદેશ કારોબારીની બેઠક યોજાઈ હતી.
- મનપામાં સત્તાધારી પક્ષના ઉમેદવારોના એક સરખા ખર્ચને મામલે કલેક્ટરને તપાસ સોંપવામાં આવી.
- આજે રાજ્ય સ્વાગતનો કાર્યક્રમ બે વર્ષ પછી યોજાશે.
- રાજ્યના અધિક નિયામકે આજે મિશન ઈન્દ્રધનુષના આયોજનને લઈ જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી.
- ગાંધીનગર મનપાના આરોગ્ય અધિકારીએ આજે મનપાના તબીબી અધિકારીઓની રિવ્યુ બેઠક યોજી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તુ તારે શાંતિથી બે દિવસ ભાવનગરમાં રોકાઈશ તો વાંધો નથી... હમણા રશિયા યુક્રેન પર હુમલો કરે તેવું લાગતું નથી...!!

# કાલુપુર સ્વામીનારાયણ પગપાળા જતા પોર ગામના શ્રધ્ધાળુઓને અકસ્માત નડ્યો : એકનુ મોત

## રાઘવ પાર્ટી પ્લોટ પાસે અજાણી કારે ચાલતા જતા ચાર શ્રધ્ધાળુઓને ટક્કર મારી, ત્રણ ઈજાગ્રસ્ત, કાલુપુર મંદિરને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા ૨૦ થી ૨૫ શ્રધ્ધાળુઓ ચાલતા જતા હતા,

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક પોર ગામથી ૨૦ થી ૨૫ શ્રધ્ધાળુઓ કાલુપુર સ્વામીનારાયણ મંદિર પગપાળા જવા માટે રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં નીકળ્યા હતા. કાલુપુર સ્વામીનારાયણ મંદિરને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી ચાલતા જવાનું આયોજન કરાયું હતું. અડાલજ-ઝુંડાલ માર્ગ પર શ્રધ્ધાળુઓ રાત્રીના અંધકારમાં ચાલી રહ્યા હતા, તે સમયે રાઘવ ફાર્મ નજીક કાર ચાલકે ચાર પદયાત્રીઓને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. બનાવમાં એક યુવકનુ મોત થયું છે, જયારે ત્રણને ઈજા પહોંચી છે. અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદ કાલુપુર સ્વામીનારાયણ મંદિરને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી ગાંધીનગર નજીક પોર ગામના પટેલ વાસ ખાતે રહેતી મનાલી ઘનશ્યામભાઈ પટેલ સહિત ગામના ૨૦ થી ૨૫ શ્રધ્ધાળુઓ પગપાળા જવા માટે નીકળ્યા હતા. રાત્રીના સમયે પદયાત્રીઓ ચાલી રહ્યા હતા, તે દરમિયાન મનાલી પટેલ, તેની બહેનપણી રીયા પટેલ, હિના પટેલ અને ગામના હીરેન વિક્રમભાઈ પટેલ સાથે ચાલી રહ્યા હતા. ત્યારે કોઈ અજાણ્યા કાર ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પાછળની ચારેયને ટક્કર મારી ગાડી દોડાવી મુકી હતી. ગાડીની ટકકર વાગતા ચારેય નીચે પટકાયા હતા. બનાવને પગલે તમામ પદયાત્રીકો ભેગા થઈ ગયા હતા. જયારે ૧૦૮ ને કોલ કરતા તાત્કાલીક આવી પહોંચી હતી. ગંભીર ઈજાગ્રસ્તને હિરેન પટેલને ૧૦૮ દ્વારા સારવાર માટે ચાંદખેડાની એસએમએસ હોસ્પિટલ લઈ જવાતા ફરજ પરના ડોકટરે તપાસીને મરણ જાહેર કર્યા હતા. જયારે મનાલી અને હિના પટેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાઈ હતી. જયાં મનાલીને પ્રાથમિક સારવાર આપી રજા આપી દેવાઈ છે. જયારે હીનાને એડમીટ કરવામાં આવી છે. આ બનાવને પગલે પોર ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. મનાલી પટેલે અજાણ્યા કાર ચાલક વિરુધ્ધ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ઘ-૪નો અંડરબ્રીજ ચાલુ થયા બાદ અત્યારે ગ-૪ના અંડરબ્રીજની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મોકુફ રહેલી વાઈબ્રન્ટ સમિટ આગામી મે માસમાં યોજવાનુ આયોજન છે ત્યારે વાઈબ્રન્ટ પહેલા ગ-૪નો અન્ડરબ્રીજ બની જાય તે માટે અહીં પૂરજોશમાં કામ ચાલી રહ્યું છે.

## મગોડી હાઈસ્કૂલમાં કલામહાકુંભ યોજાયો

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ ગાંધીનગર તેમજ ગાંધીનગર યુવા વિકાસ અધિકારીના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર તાલુકાનો કલામહાકુંભ યોજાયો. તાલુકાની શાળાઓમાંથી લગભગ ૩૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સુંદર કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સરપંચ શિલ્પાબેન પટેલ, વાલીમંડળના પ્રમુખ ગીરીશભાઈ પટેલ, પંકજભાઈ પટેલ તેમજ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ અને જિલ્લા શિક્ષકસંઘના મહામંત્રી જસવંતભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન રાજુભાઈ જોશીએ સંભાળ્યું હતું.



ગાંધીનગર જિલ્લામાં પ્રગતિશીલ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું પ્રત્યક્ષ જ્ઞાન મળી રહે તે હેતુથી આત્મા પ્રોજેકટ ગાંધીનગર દ્વારા જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો માટેનું ગુરુકુળ કુરુક્ષેત્ર , હરિયાણા અને રાજસ્થાન ખાતે તારીખ ૨૩-૦૨-૨૦૨૨ થી ૦૪-૦૩-૨૦૨૨ દરમિયાન આંતર-રાજ્ય તાલીમ-વ-પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આજરોજ ખેડૂત તાલીમ કેન્દ્ર, સેકટર- ૧૫ ખાતેથી આ ખેડૂતોની પ્રવાસ બસને જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી એસ.વી. પટેલ, આત્મા પ્રોજેક્ટ, ગાંધીનગરના ડાયરેકટર શ્રી બી.એમ.પટેલ સહિત અન્ય અધિકારીશ્રીઓએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

## પાઠ્યપુસ્તક મંડળના ગોડાઉનના બીજા માળેથી બાળક પટકાતા મૃત્યુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા પાઠ્ય પુસ્તક મંડળના ગોડાઉન ખાતે મરામતનું કામ ચાલી રહ્યું છે.ત્યારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આજે સવારના પોણા દશ વાગ્યાના અરસામાં બીજા માળે કામ કરતા શ્રમિક પરિવારનું ૬ વર્ષિય બાળક રમતા રમતા અચાનક નીચે પડી ગયું હતું. બાળક નીચે પટકાતા તેને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોચી હતી. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલીક ખાનગી વાહનમાં સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ આવ્યા હતા. તાત્કાલીક વિભાગમાં હાજર ડોકટર દ્વારા દર્દીને તપાસ કર્યા બાદ ૧૧ કલાકે મરણ જાહેર કરેલ હતો. બનાવને પગલે બાળકના મિતા-પિતાના હૈયાફાટ રૂદનથી સૌ કોઈની આંખ ભીની બની હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## બિનવારસી બાળકીને માતા-પિતા સાથે મિલન કરાવતી ચિલોડા પોલીસ

ગાંધીનગર, તા.૨૩

મહાદેવપુરા પાટીયા પાસેથી મળી આવેલી બિનવારસી બાળકીને ગણતરીની સમયમાં તેના માતા-પિતા સાથે સુખદ મિલન ચિલોડા પોલીસે કરાવ્યું છે. ચિલોડા પોલીસની પ્રશંસનીય કામગીરીને સૌ કોઈએ બિરદાવી હતી.

ચિલોડા પોલીસને પોલીસ કંટ્રોલ રૂમ ખાતેથી વર્ધી મળી હતી કે મહાદેવ પુરા પાટીયા પાસે હાઈ વે માર્ગ પર એક બિનવારસી બાળકી મળી આવી છે. જે અંગે તપાસ કરી કાર્યવાહી કરવા અંગે સુચના આપી હતી. જેને પગલે પીસીઆરના સ્ટાફના કર્મચારીઓ મહાદેવપુરા પાટીયા જઈને બાળકીને ચિલોડા પોલીસ મથકે લઈ આવ્યા હતા. બાળકી ગભરાઈ ગઈ હોવાથી મહિલા પોલીસ કર્મચારી ચેતનાબેન બાળકીને ચા-નાસ્તો કરાવી પ્રેમપૂર્વક પુછપરછ કરતા બાળકીએ પોતાનું નામ સપના અને પિતાનું નામ કનુજી તેમજ માતાનુ નામ ગીતાબેન જણાવ્યું હતું. પોતાના ગામનુ નામ બાળકી જાણતી ન હોવાથી એએસઆઈ ચંદુભાઈ અને હેડ કોન્સ્ટેબલ જયેન્દ્રભાઈએ મહાદેવપુરા પાટીયા તેમજ આસપાસના ગામડા ખુંદી વળ્યા હતા. ગ્રામજનોને બાળકીનો ફોટો બતાવી તપાસ કરતા આ બાળકી છાલા ગામના કનુભાઈ મણાજી ઠાકોર (રહે. પંડાયા વાસ તા.જી.,ગાંધીનગર) ની દિકરી હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસે તેના માતા-પિતાનો સંપર્ક કરી જરુરી ખાત્રી તપાસ કરી તેના માતા-પિતાને સોંપી હતી. પોતાની બાળકી હેમખેમ પરત મળતા બાળકીના માતા-પિતાએ પોલીસ સ્ટાફના કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો.

# પીએસઆઈની પ્રિલીમનરી પરીક્ષા ૬ માર્ચના રોજ યોજાશે

ગાંધીનગર,તા.૨૩

ગુજરાત રાજ્યમાં પોલીસ વિભાગમાં ખાલી પડેલી ૧૦ હજાર જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયાની કામગીરી ગૃહ વિભાગ દ્વારા પુરજોશમાં શરુ કરવામાં આવી છે. ત્યારે પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ વિકાસ સહાયે એક ટવીટ કરીને જાહેરાત કરી છે કે પીએસઆઈની લેખિત પરીક્ષા ગાંધીનગર-અમદાવાદમાં આગામી તા.૬ માર્ચના રોજ લેવામાં આવશે.

મળતી વિગત મુજબ પીએસઆઈની શારીરીક કસોટીમાં ૯૬ હજાર થી વધુ ઉમેદવારો પાસ થયા છે. ત્યારે પીએસઆઈની પ્રિલિમનરી પરિક્ષા અમદાવાદ-ગાંધીનગરમાં યોજાય તે માટે પરિક્ષા બોર્ડ દ્વારા આયોજન કરાયું છે. જયારે લોકરક્ષક દળની ભરતી માટે બોર્ડ દ્વારા લેખિત પરિક્ષાની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. લોકરક્ષક દળના અધ્યક્ષે જાહેરાત કરતા જણાવ્યું હતું કે વાંધા અરજીની નિકાલ બાદ ૧૦ એપ્રિલના રોજ લેખિત પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૧૨૫ માર્કસનું પેપર જેમાંથી ૨૫ માર્ક શારીરીક કસોટીના ગણવામાં આવશે.

એલઆરડીની લેખિત પરિક્ષા માટે બોર્ડ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. શિક્ષણ વિભાગ સાથે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી છે. રાજયના ચાર મહાનગરમાં પરિક્ષા યોજાય તેવુ પ્રાથમિક રીતે આયોજન છે.જયારે ચાર મહાનગરની કેટલી શાળાઓ સીસીટીવી કેમેરા ધરાવે છે તે સહિતની માહિતી મંગાવવામાં આવી છે. સીસીટીવી કેમેરાની સુવિધા ધરાવતી શાળામાં જ લેખિત પરીક્ષા યોજાશે. રાજયમાં ગત તા.૩ ડિસેમ્બરથી ૧૫ કેન્દ્ર પર પોલીસ રીક્રુટમેન્ટ બોર્ડ દ્વારા પીએસઆઈ ઉમેદવારોની શારીરીક કસોટીની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરિક્ષાનું પરિણામ જાન્યુઆરીમાં જાહેર કરાયું છે. ત્યારે શારીરીક કસોટીમાં પાસ થયેલા ઉમેદવારો તા.૬ માર્ચના રોજ પ્રિલિમ પરીક્ષા આપશે.



રોટરી ક્લબ ઓફ કેપીટલ દ્વારા રોટરી ક્લબના જન્મ દિવસની ઉજવણી સેક્ટર-૨૨ સ્થિત રોટરી ફિઝિયોથેરાપી સેન્ટર ખાતે કરવામાં આવી હતી. રોટરી પ્રમુખ અમીબેન શાહ આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# 'સ્માર્ટ ફોન સહાય યોજના' અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ૮૦ ખેડૂતોને લાભ અપાયો

ગાંધીનગર જિલ્લાના ૮૦ ખેડૂતોને સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત આજરોજ



સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ખેડૂતોને ખેતી ની સઘળી માહિતી આંગળીના ટેરવે મેળવી શકે તેવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા સ્માર્ટફોન સહાય યોજના અમલી બનાવવામાં આવી છે. સ્માર્ટ ફોન થકી ખેડૂતો કૃષિક્ષેત્રેની જાણકારી સરળતાથી ડિજિટલ યુગમાં મેળવી શકે, આઇ ખેડૂત પોર્ટલ ઉપર કોઈપણ સરકારની કૃષિ યોજનાનો લાભ લેવા માટે પોતાના ફોર્મ સરળતાથી ભરી શકે તથા ખેડૂતલક્ષી કોઈપણ માહિતી ઓનલાઈન સરળતાથી મેળવી શકે તે માટે આ સ્માર્ટફોન સહાય યોજના ખેડૂતો માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે આજે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતેથી આ યોજનાને આરંભ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીના મીટીંગ હોલ ખાતે યોજાયેલ સમારંભમાં ગાંધીનગર જિલ્લાના ૮૦ ખેડૂતોને આ સહાય અંતર્ગત લાભ આપવામાં આવ્યો છે. ઉપસ્થિત સર્વે ખેડૂતોએ હોલમાંથી મુખ્યમંત્રીશ્રીનો કાર્યક્રમ પણ નિહાળ્યો હતો. ગાંધીનગર જિલ્લાના ખેડૂતોએ પોતાના અભિપ્રાય પણ રજૂ કર્યા હતા અને આ યોજના થકી ખેડૂતો કેવી રીતે આગળ વધશે તે અંગે પણ પોતાના મંતવ્ય આપ્યા હતા. કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી બી. એમ.પટેલ જિલ્લા કૃષિ ખેતીવાડી અધિકારીશ્રી એસ. વી.પટેલ સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

**જાહેર નિવિદા-૯ સને.૨૦૨૧-૨૨**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.-૨, વિજ સબસ્ટેશન, વિધાનસભા, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ટે.નં.૨૩૨૫૯૪૬૯/૭૦) દ્વારા વિજળીકરણ લગતા કામ નં.૧ થી ૩ જેની અંદાજિત કિંમત રૂ. ૫૪૬૪૧.૦૦ થી રૂ. ૯૮૮૦૩૦.૬૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા ઠેકેદારો અથવા જે તે કામના નિષ્ણાંત અને અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ પૈકી ક્ર.૧ થી ૩ કામના કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧/૩/૨૦૨૨ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૭/૩/૨૦૨૨ કચેરી સમય સુધી છે.

માહિતી/૩૨૫૦/૨૧-૨૨

**SAI SPORTS AUTHORITY OF INDIA**
NCOE SECTOR-15 GANDHINAGAR

**NOTICE INVITING TENDER**

Assistant Director/COO, SAI NCOE, Sports Authority of India Sector-15 Gandhinagar (Gujarat) on behalf of President of India, invites sealed quotations for disposal of unserviceable materials i.e steel cots & Steel cupboards.

| Sl. No. | Name of work | Estimated Cost (Rs) | EMD amount (Rs) | Tender fee (Rs) |
|---|---|---|---|---|
| 1 | Disposal of unserviceable materials i.e steel cots & steel cup boards | 4,00,000/- | 8000/- | 200/- |

Terms & conditions for above disposal as part of the bidding documents may be obtained on cash payment or demand draft for any bank each from Account Section SAI NCOE Sector-15 Gandhinagar on any working day from **24-2-2022 to 2-3-2022 between 11.00 Hrs to 17.00 Hrs.**

The bidding document in prescribed format along with relevant documents sealed & complete in all respect to be submitted in the office of the In charge NCOE, Sports Authority of India, Sector-15, Gandhinagar by **3-3-2022 up to 15.00 P.M.**

Tenders will be opened at **15.30 P.M.** on same day in the presence of bidders available during opening

SAI reserves the right to accept or reject any bid at any stage without assigning any reason.

In charge
NCOE, SAI
Gandhinagar